ક્રમાંક: ગુજકા/જીએસટી/૧૭-૧૮/જા.૭

રાજ્ય વેરા કમિશનરની કચેરી,
(કાયદા શાખા)
ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ ૩૧/૦૧/૨૦૧૮

# જાહેર પરિપત્ર

વિષય:૧) ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ એક્ટ,૨૦૧૭ હેઠળ ઇ-વે બીલની જોગવાઇના પાલન બાબત
૨) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ હેઠળ માલની આંતરરાજ્ય હેરફેર વખતે રાખવાના ફોર્મ્સ બાબત.

૧. રાજ્યમાં તા.૧/૭/૨૦૧૭ થી ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ એક્ટ,૨૦૧૭ નો અમલ થયેલ છે. આ કાયદા હેઠળના નિયમો ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ રૂલ્સ, ૨૦૧૭ ના નિયમ-૧૩૮ ની જોગવાઇ મુજબ જીએસટી કાઉન્સિલ દ્વારા ઇ-વે બીલ સીસ્ટમ તૈયાર કરવામાં આવે ત્યાં સુધી માલની હેરફેર દરમ્યાન વાહનની સાથે રાખવાના થતાં દસ્તાવેજો તથા તે અંગેની કાર્યવિધિ અત્રેના ઓર્ડર નં. VU/GST-2017/333 તા.૩૦/૬/૨૦૧૭ અન્વયે નિર્ધારિત કરવામાં આવેલ હતા.

માલની હેરફેર દરમ્યાન સાથે રાખવાના ઇ-વે બીલ અંગેના સુધારેલ નિયમો ૧૩૮, ૧૩૮એ, ૧૩૮બી, ૧૩૮સી અને ૧૩૮ડી નાણા વિભાગના નોટીફીકેશન નં.(GHN-142)/GSTR-2017(16)-TH તા.૨૯/૧૨/૨૦૧૭, નોટીફીકેશન નં.૭૪/૨૦૧૭-સ્ટેટ ટેકસ અન્વયે તા.૧/૨/૨૦૧૮ થી અમલમાં આવે છે.

આમ, સુધારા પહેલાના નિયમ-૧૩૮ ની જોગવાઇના અમલ માટે અગાઉ અત્રેથી જારી થયેલ ઓર્ડર નં. VU/GST-2017/333 તા.૩૦/૬/૨૦૧૭ રદ કરવામાં આવે છે.

આમ માલની હેરફેર દરમ્યાન વાહન સાથે રાખવાના થતાં ઇ-વે બીલ તથા અન્ય દસ્તાવેજો બાબતે નિયમ- ૧૩૮, ૧૩૮એ, ૧૩૮બી, ૧૩૮સી અને ૧૩૮ડી હેઠળની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે. આ અંગે નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

એ) આંતરરાજ્ય હેરફેર (Inter-state movement) :
નિયમ-૧૩૮ ની જોગવાઇ હેઠળ જે માલ માટે ઇ-વે બીલ જરૂરી છે તે તમામ માલની આંતરરાજ્ય હેરફેર માટે ઇ-વે બીલ જનરેટ કરવાના રહેશે તેમજ માલની હેરફેર દરમ્યાન સાથે રાખવાના રહેશે.

બી) રાજ્યમાં આંતરિક હેરફેર (Intra-state movement) :
નિયમ-૧૩૮ ની પેટા કલમ-(૧૪)(ડી) ની જોગવાઇ હેઠળ અત્રેના નોટીફીકેશન નં. GSL/GST/RULE-138(14)/B.7 તા.૨૯/૧/૨૦૧૮ અન્વયે નિર્દિષ્ટ કર્યા મુજબની ૧૯ ચીજવસ્તુઓ માટે રાજ્યમાં આંતરિક હેરફેર (Intra-state) માટે ઇ-વે બીલ જરૂરી રહેશે. તે સિવાયની તમામ ચીજવસ્તુઓ માટે ઇ-વે બીલ જરૂરી રહેશે નહિ.

સી) શહેરમાં આંતરિક હેરફેર(Intra-city Movement)

૧) તમામ માલની એકજ શહેરમાં (Intra-city) થતી હેરફેર માટે ઇ-વે બીલ જરૂરી રહેશે નહિ.

૨) આ જોગવાઇના અમલ માટે "શહેર (city)" એટલે ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ અને/અથવા બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ હેઠળ જાહેર કર્યા મુજબનું શહેર તેમજ તેમાં બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ

હેઠળ જાહેર કર્યા મુજબના "ગામ (village)" નો સમાવેશ થશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ હેઠળની ૬ ચીજો જેવી કે પેટ્રોલીયમ ક્રુડ, હાઇસ્પીડ ડીઝલ, પેટ્રોલ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ, નેચરલ ગેસ અને માનવ વપરાશ માટેનો આલ્કોહોલીક લીકરની આંતરરાજ્ય હેરફેર માટે વહન દરમ્યાન સાથે રાખવાના થતાં દસ્તાવેજો અને નમુના તેમજ તે અંગે અનુસરવાની થતી કાર્યવાહી માટે અત્રેના ઓર્ડર નં. GVL/VAT/Sec.68 and 69/204 તા.૩૧/૧/૨૦૧૮ ની સૂચનાઓ અમલમાં આવશે.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
રાજ્ય વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

Akhil Gujarat Truck Transport Association
Rec. Dt. : 31-01-2018

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. સંયુકત સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. રાજ્ય વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ રાજ્ય વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક રાજ્ય વેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા વિભાગીય અધિક/સંયુકત રાજ્ય વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૬. તમામ નાયબ રાજ્ય વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૭. તમામ રાજ્ય વેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૮. આ કચેરીની તમામ શાખાઓ તરફ
૯. મહામાત્ર તાલીમ / દફતર શાખાને ૧૦ નકલમાં
૧૦. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૧. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૨. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૩. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ

(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

(આર.બી.મંકોડી)
સંયુકત રાજ્ય વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજ્ય, અમદાવાદ